ફોજદારી કેસ નંબરઃ ૫૪૪/૨૦૨૪

## :: આંકઃ ૧ તળે હુકમ ::

(૧) રેકર્ડ વંચાણે લીધું. આ કેસ સને ૨૦૨૪ ની સાલનો ગુજરાત પ્રોહી એકટની કલમ– ૬૬(૧)બી નો સમન્સ ટ્રાયેબલ છે.હાલના કેસમાં ચાર્જશીટ દાખલ થયા બાદ અત્રેની અદાલતે આરોપીને હાજર રાખવા વખતો વખત પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ છે. પરંતુ તે બજેલ નથી અને આરોપી મળી આવતા નથી તેવું સ્પષ્ટ ફલિત થાય છે. અને તેમને હાજર કરવામાં રાખવામાં ફરીયાદ પક્ષ સદંતર એક દોઢ  વર્ષથી નિષ્ફળ રહેલ છે. એકમાત્ર તેના કારણે હાલના કેસની કાર્યવાહી લાંબા સમયથી આગળ ચાલી શકેલ નથી.

(૨) આમ પુરતી તક આપવા છતાં પોલીસ આરોપીને પ્રોસેસની બજવણી કરી તેને હાજર કરી શકેલ નથી. વધુમાં નજીકના ભવિષ્યમાં તે મળી આવે કે કેસની કામગીરી આગળ ચાલે તેવી પણ કોઈ શકયતાઓ જણાઈ આવતી નથી. વધુમાં હાલનો કેસએક દોઢ વર્ષ ઉપરથી પેન્ડીગ છે અને વધુ સમય માટે આજ સ્થિતિમાં કેસને મુકી રાખવાથી પણ ન્યાયનો હેતુ કોઈપણ રીતે જળવાય તેમ નથી કે બર આવે તેમ નથી.

(૩) સબબ ઉપરોકત સંજોગો તથા ના.ગુજરાત વડી અદાલત દવારા ગુજરાત રાજય વિ. ઈબ્રાહીમ લાધા એ.આઈ.આર. ૧૯૭૧ ગુજરાત પેજ નં.૧૪૮ તથા કોમન કોઝ વિ. યુનિયન ઓફ ઈન્ડીયા પીટીશન નં.૧૧૨૮/૮૬ તથા રાજદેવ શર્મા વિ. સ્ટેટ ઓફ બિહાર ક્રિમીનલ અપીલ નં.૧૦૪૫/૯૮ માં નામદાર સુપ્રિમ કોર્ટે આપેલ માર્ગદર્શિકા મુજબ અને આ કેસના સંજોગો ધ્યાને લેતા ન્યાયના વિશાળ હિતમાં આ કેસની કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમઃ ૨૫૮ અંતર્ગત બંધ કરવાનું સર્વથા યોગ્ય અને ન્યાયોચિત જણાઈ આવતું હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## હુ ક મ

ક્રિ.પ્રો.કોડની કલમઃ ૨૫૮ અન્વયે આ કામના આરોપી સામે મુકેલ તહોમતની કાર્યવાહી બં ધ કરવાનો હુકમ કરવામાં આવે છે તથા આરોપીને આ કામે બિન તહોમત મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી  જાહેર કર્યો.

તા.૦૫/૦૩/૨૦૨૬
સ્થળ : સાવલી

પ્રિયંકાબહેન ભગવાનભાઈ ગામીત
જયુડી.મેજી.ફ.ક. સાવલી
જજ કોડ ૦૧૫૮૩